ધડધડ...

ધ્યાનમાં બેઠેલા પરીક્ષિતને લાગ્યું કે કોઈ તેની કુટિરના દરવાજા ઠોકે છે. ધડધડધડ... હથોડા પડતા હોય એમ કોઈ મુઠ્ઠી પછાડતું હતું. સામાન્ય રીતે પરીક્ષિતને ધ્યાનમાં હોય ત્યારે કશું જ સંભળાતું નહીં, પણ આજે આ અવાજ એટલો મોટો હતો કે પરીક્ષિતનું ધ્યાન તૂટી ગયું. આંખો ઉઘાડીને તેણે દરવાજા તરફ જોયું. દરવાજો તૂટી જાય એટલા જોરથી હચમચતો હતો.

"દરવાજો ખોલો..." બહારથી અવાજ સંભળાયો.

આંખ મીંચીને બેઠેલો પરીક્ષિત ઊંડા શ્વાસ લઈ રહ્યો હતો, ધ્યાનમાં હતો ત્યાં જ ધડધડધડ... પરીક્ષિતની કુટિરનો દરવાજો તૂટીને પડી જાય એટલા જોરથી હચમચતો હતો. આ અવાજ સાંભળ્યા પછી પણ પરીક્ષિતના ચહેરા પર એક વિચિત્ર પ્રકારની શાંતિની ઓરા હતી. દુનિયાની કોઈ પણ તાકાત તેની શાંતિને ભંગ ન કરી શકે એવું પરીક્ષિતને જોઈને જ લાગી રહ્યું હતું. આટલા જોરથી અને બેચેન અવાજે ઠોકાતા દરવાજાને હચમચતા જોયા પછી પણ તેણે શાંત ચિત્તે આંખ મીંચી. બે-ચાર ક્ષણ પછી ફરી આંખો ખોલી. પદ્માસન છોડ્યું. બંને હથેળીને પોતાના ચહેરા પર અને પોતાનાં બંને બાવડાંથી શરૂ કરીને કાંડાં સુધી ફેરવી.

ધડધડધડ... ફરી દરવાજો ઠોકાયો.

સવારે પાંચ ને વીસ. પરીક્ષિતે ઘડિયાળ તરફ જોયું.

પદ્માસનમાં બેઠેલો પરીક્ષિત કોઈ ધ્યાનસ્થ ઋષિ જેવો લાગતો હતો. તેના પહોળા ખભા, કસાયેલાં મજબૂત બાવડાં, પથ્થર જેવી છાતી, દાઢી-મૂછ અને ફોટોજેનિક ચહેરા સાથે શરીર પરનાં ભગવાં કપડાં તેને વધુ રસપ્રદ વ્યક્તિત્વમાં ફેરવી નાખતાં હતાં. તેને જોનાર કોઈને પણ સૌથી પહેલો વિચાર એ જ આવે કે આવા દેખાવડા અને વેલબિલ્ટ છોકરાએ મૉડલ બનવાને બદલે સાધુ બનવાનું કેમ સ્વીકાર્યું હશે?

હચમચતા દરવાજાને જોયા પછી પણ તેને ઊભા થવાની કોઈ ઉતાવળ નહોતી, "દરવાજો ખોલો..." દરવાજો ઠોકનાર વ્યક્તિ અત્યંત ઉતાવળમાં અને બેબાકળી હોય એવું લાગતું હતું.

"કોણ?" પરીક્ષિતે સ્થિર અવાજે પૂછ્યું.

ફરી દરવાજો ઠોકીને કોઈકે કહ્યું, "હું છું, બિલ્વ."

"હમ્મ્..." દરવાજો ખોલીને પરીક્ષિત બારસાખની વચ્ચે ઊભો રહ્યો.

"બાબા યાદ કરે છે." સામે ઊભેલા બિલ્વની ઉંમર વીસ-બાવીસથી વધુ નહોતી. ક્લીન શેવ ચહેરો, નમણું નાક અને તેજસ્વી આંખો આટલા આછા અજવાળામાં પણ ચમકતી હતી.

"આવું છું." કહીને પરીક્ષિતે દરવાજો બંધ કરવાની તૈયારી કરી.

"હમણાં જ." બિલ્વે દરવાજાને સહેજ ધક્કો માર્યો, "અર્જન્ટ છે." બિલ્વે શક્ય એટલા સત્તાવાહી અવાજે કહ્યું, "બાબાએ કહ્યું છે - તરત જ લઈને આવ."

પરીક્ષિત પર બિલ્વની વાતની કોઈ અસર જ નહોતી. તેણે આરામથી દરવાજો ઠેલ્યો, "તું જા, હું આવું છું."

"પણ..." બિલ્વે દરવાજાને ફરી ધક્કો માર્યો, "નિષ્કલંકને લઈ આવ્યા છે."

"શું થયું?" પરીક્ષિતે દરવાજો ખોલી નાખ્યો, "શું થયું નિષ્કલંકને?" તેનો ચહેરો, આંખો અને ભાવ બદલાઈ ગયાં.

"નિષ્કલંક મહાપ્રભુ... જડી ગયા છે." આ એક વાક્ય પૂરું કરતાં તો જાણે બિલ્વને હાંફ ચડી ગઈ, તેણે ફૂસ-ફૂસ કરતા સ્વરે કહ્યું, "પેલીને ત્યાંથી જડ્યો..." પછી સહેજ અટકીને ઊંડો શ્વાસ લીધો. બિલ્વે આમતેમ જોઈને કહ્યું, "ત્રીજી વખત ત્યાંથી જ મળ્યો. સાચું કહું? તેને તો આવવું જ નહોતું. અત્યારે બાબા સખત નારાજ છે." બિલ્વે ફરી એક નિઃશ્વાસ નાખ્યો, "નિષ્કલંક બેહોશ છે તોય તેને માર્યો." તેણે ઘડીભર પરીક્ષિત સામે જોયું, પછી કહ્યું, "બાબા બોલાવે છે આપને."

"આવું છું." કહીને પરીક્ષિતે જરા બળપૂર્વક કુટિરનો દરવાજો બંધ કર્યો. બહાર રહી ગયેલો બિલ્વ શું કરવું તેની અસમંજસમાં થોડી વાર ઊભો રહ્યો, પછી ખભા ઉલાળીને ચાલવા લાગ્યો.

પરીક્ષિતની કુટિરની બહાર તેના જેવી જ ત્રણ કુટિર હતી. આવા કુટિરનાં ચોખંડાંઓ આખાય કૉમ્પ્લેક્સમાં ફેલાયેલાં હતાં. પરીક્ષિતનો દરવાજો જેવો બંધ થયો કે તરત જ તેની સામેની કુટિરનો દરવાજો ખૂલ્યો.

કાળાં કપડાં પહેરેલી એક સ્ત્રીએ કુતૂહલથી બિલ્વને બોલાવ્યો, "એય..." સ્ત્રીના ચહેરા પર થોડુંક સ્મિત હતું. બિલ્વ ઊભો રહ્યો, "શું થયું?" પેલી સ્ત્રીએ પૂછ્યું.

"કંઈ નહીં." બિલ્વના ચહેરા પર પકડાઈ ગયાના ભાવ સ્પષ્ટ હતા તેમ છતાં તેણે બેફિકરાઈથી કહ્યું, "કશું નથી થયું, કેમ?"

"તો સવારના પહોરમાં અહીં કેમ આવ્યો છે?" સ્ત્રીએ મજાક ઉડાવતી હોય એમ કહ્યું.

"બાબા યાદ કરે છે." બિલ્વે ગૂંચવણમાં પરીક્ષિતની કુટિર તરફ ઇશારો કર્યો, "પરીક્ષિતને."

"કેમ? આજે પણ સાધના કરાવવા પરીક્ષિતની જરૂર પડી છે?" સ્ત્રીના ચહેરા પર કોઈક રહસ્ય જાણતી હોવાનું ગૌરવ હતું, "નિષ્કલંક મળ્યો કે નહીં?"

"હેં?" બિલ્વની આંખો પહોળી થઈ ગઈ.

"ક્યાંથી મળ્યો તે?" પેલી સ્ત્રીએ વધુ પંચાત કરી.

"તે તો... બાબાની કુટિરમાં છે." કહીને બિલ્વે ચાલવા માંડ્યું. હવે આગળ સવાલ-જવાબ કરવાની તેની તાકાત ન હોય એ રીતે બિલ્વ મોઝાઇક ટાઇલ્સના બનાવેલા રસ્તા પર લગભગ દોડતો પરીક્ષિતની કુટિરના ચોખંડાથી દૂર નીકળી ગયો.

"આ આશ્રમનું સત્યાનાશ થવા બેઠું છે." કહીને તે સ્ત્રીએ દૂરથી આવતો અવાજ સાંભળવાનો

પ્રયત્ન કર્યો, "જેના આધારે આખો તામઝામ ટકાવવા મથે છે એ તો પોતે જ હાલમડોલમ થાય છે."

હવામાં વહી આવતા અવાજમાં ઊંચા અવાજે ગવાતા શ્લોક સંભળાતા હતા. વહેલી સવારના આ મોંસૂઝણાના સમયે શ્લોક અત્યંત પવિત્ર, અત્યંત મધુર લાગતા હતા. સ્ત્રીએ પણ ધીમા અવાજે એ જ શ્લોક ગણગણતાં પોતાની કુટિરનો દરવાજો બંધ કરી દીધો.

પરીક્ષિતે પોતાની કુટિરનો દરવાજો બંધ કરીને સેલફોન કાઢ્યો, "નિષ્કલંક અહીં પહોંચી ગયો છે." પરીક્ષિતના અવાજમાં આરોહ-અવરોહ નહોતા. સામેથી કોઈક વાત થતી રહી. પરીક્ષિત ધ્યાનથી સાંભળતો રહ્યો, "રડવાથી હવે શું થશે?" ફરી સામેથી કશુંક કહેવાતું રહ્યું. થોડી મિનિટો પછી પરીક્ષિતે પૂછ્યું, "પણ ત્યાંનું સરનામું કોણે આપ્યું?" ફરી એક વાર સામેથી કંઈ કહેવાતું રહ્યું.

"ભલે, હું જઈને જોઉં છું. હવે નિષ્કલંકનું બહાર નીકળવું લગભગ અશક્ય છે. તેં જ બધું ગૂંચવી નાખ્યું. હવે રડીને શો ફાયદો?" કહીને પરીક્ષિતે ફોન ડિસ્કનેક્ટ કર્યો. શણની સ્લીપરમાં પગ નાખ્યા, કુટિરનો દરવાજો ખોલીને ફક્ત આગળિયો ભરાવીને એ ચાલી નીકળ્યો.

■

"યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા... નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ"

૨૫,૦૦૦થી વધુ લોકોનો અવાજ એકમેકમાં ભળીને એકસૂર થઈ ગયા હતા. કતારમાં ગોઠવાયેલા કાળાં વસ્ત્રોમાં સજ્જ માણસોની સાથે જાણે આસપાસનાં વૃક્ષોની હાર પણ એ જ સૂર, એ જ શબ્દો અને ભક્તિની એ જ છાલકમાં ભીંજાતી હોય એમ ડોલતી હતી.

વિશાળ ચોગાનમાં પાથરેલી શેતરંજીઓ, તેના પર ગોઠવાયેલી ગાદીઓ, સફેદ દૂધ જેવી ચાદરો અને તેના પર કાળાં કપડાં પહેરેલા માણસો ચાવી આપેલાં રમકડાં જેવા લાગતા હતા. પૂર્વ દિશાનું આકાશ લાલ હતું. સૂર્ય ઊગવાની પહેલાંની ક્ષણો એક નવો દિવસ શરૂ થવાની પ્રતીક્ષા કરતી હતી.

ઉચ્ચ સ્વરે ગવાતા શ્લોકનો ધ્વનિ ચોગાનમાંથી પડઘાઈને બગીચાનાં વૃક્ષો, છોડ અને છોડ પર ખીલેલાં ફૂલોને ડોલાવતો, હવામાં વહેતો-વહેતો જ્યાં પહોંચતો હતો એ નાનકડું મકાન જાણે આ સ્વરોને પોતાની ભીતર દાખલ થવા દેવા તૈયાર ન હોય એમ કાચના દરવાજા ચસોચસ ભીડીને ઊભું હતું. મકાનની દીવાલો કાચની હતી, પરંતુ ટફન્ડ ગ્લાસના સૅન્ડવિચ સેટિંગ અને ગ્લાસ પર લગાડેલી ફિલ્મને કારણે એ મકાન કોઈ રહસ્યમય અસ્તિત્વની જેમ એકલુંઅટૂલું લાગતું હતું. કાળા ગ્રેનાઇટનું આ મકાન હરિયાળી વચ્ચે જાણે એક કાળું ટપકું હોય એમ ઊભું હતું. દરિયાને કિનારે ઊભેલા કોઈ ખડકો ઉપર ધસમસતાં આવતાં મોજાં અથડાય, પછડાય, વીખરાય અને ફેલાઈ જાય, લગભગ એ રીતે જ આ નાનકડા મકાનની કાચની દીવાલો પર હજારો અવાજો પડઘાઈને ફીણ-ફીણ થઈને વેરાઈ જતા હતા. વહેલી સવારનો પવન આશ્રમનાં ફૂલોની સુગંધ લઈને લગભગ આઠ એકરમાં ફેલાયેલા 'મહાયોગેશ્વરી શક્તિ આશ્રમ'માં વહેતો હતો, પણ એ સુગંધ માટે આ મકાનમાં પ્રવેશબંધી હતી. આ આશ્રમનું અસ્તિત્વ જ રહસ્યમય

હતું. અહીં પ્રવેશ મેળવવો અઘરો હતો. શક્તિપાત અને શક્તિસાધનાની દીક્ષા લઈને આ આશ્રમના સાધક બનેલા ભક્તો જ અહીં પ્રવેશી શકતા. કોઈ ક્લબની જેમ કે કોઈ કૉર્પોરેટ ઑફિસની જેમ એક ઇલેક્ટ્રૉનિક બારકોડવાળું કાર્ડ દરેક સાધકને આપવામાં આવતું. આશ્રમના લોખંડના દરવાજા ફક્ત ઇલેક્ટ્રૉનિક કાર્ડના બારકોડ રીડ કર્યા પછી જ બહારથી ખૂલતા. એ સિવાય આ દરવાજા ફક્ત અંદરથી જ ખૂલી શકે એવી કડક સિક્યૉરિટી આ આશ્રમની વ્યવસ્થાનો ભાગ હતી.

મુંબઈ શહેરથી લગભગ બાવન કિલોમીટર દૂર કર્જતના રસ્તે આવેલા આ આશ્રમના વિશાળ ઊંચા લોખંડી દરવાજા આજે પણ બંધ હતા. દરવાજાની બહાર હજી ઘણા લોકો ઊભા હતા. તેમને આજે આશ્રમમાં પ્રવેશ મળી શક્યો નહોતો. મહાયોગેશ્વરી આશ્રમમાં રોજ સવારે પ્રવેશ નિઃશુલ્ક હતો, કાર્ડનો બારકોડ રીડ કરાવીને કોઈ પણ દાખલ થઈ શકતું. ફક્ત રવિવારે ખાસ સાધના માટે રૂપિયા પાંચ હજારની ટિકિટ હતી. એ પણ ફક્ત સદ્ભાગી પહેલા પચીસ હજાર સાધકોને જ મળતી. શનિવારની બપોરથી અહીંયાં લાઇન લાગતી, મોટા ભાગનું બુકિંગ તો ઑનલાઇન જ થઈ જતું. ભક્તગણ ભીતર દાખલ થવા માટે કંઈ પણ કરવા તત્પર રહેતા. આ ખાસ સાધનામાં નિષ્કલંક મહાપ્રભુજી સ્વયં ઉપસ્થિત રહેતા. તેમનાં દર્શન માત્રથી મનોકામના પૂર્ણ થાય છે એમ માનનારા લોકોની સંખ્યા આ દેશમાં અને દુનિયાભરના દેશોમાં ઘણી મોટી હતી.

"યા દેવી સર્વભૂતેષુ માયારૂપેણ સંસ્થિતા... નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ"ના ઉચ્ચારણની સાથે કોઈ વિચિત્ર પ્રકારના શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા પણ ચાલી રહી હતી. મંચ પર પદ્માસન વાળીને બેઠેલા બે કાળાં કપડાં પહેરેલા યુવાનો શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયાનું ડેમોન્સ્ટ્રેશન કરતા હતા. આખીયે મેદની તે બે જણ જેમ અને જે કરતા હતા એ પ્રમાણે કરી રહી હતી. મોટા અવાજે શ્લોક બોલતા લોકોમાંથી કેટલાક રડતા હતા, કેટલાક હાથ જોડીને ધ્યાનમગ્ન હતા, કેટલાક એક પગે ઊભા થઈને ઊંચા અવાજે શ્લોક બોલી રહ્યા હતા તો કેટલાક નૃત્ય કરવા લાગ્યા હતા. શ્લોકની રિધમ, લય વધતો જતો હતો ને સાથે જ સાધકોની મેદનીનો ઉન્માદ પણ વધતો જતો હતો. કેટલાક તો બરાડા પાડવા માંડ્યા હતા, કેટલાકે પોતાના પહેરણ જેવા ઝભ્ભા કાઢવાના શરૂ કરી દીધા હતા.

શ્લોકના ઉચ્ચારણનો અવાજ આશ્રમના લોખંડી દરવાજા વટાવીને બહાર પહોંચતો હતો. બહાર ઊભેલા ભક્તો, સાધકો, વાંછુકોએ કશું ગુમાવી દીધું હોય એમ તદ્દન નિરાશ થઈને ઊભા હતા. ભીતર પ્રવેશી ચૂકેલા સૌનું ભાગ્ય આજે તેમનાથી વધુ સારું અને વધુ ફળદાયી પુરવાર થયું એ વાતે ગેટની બહાર ઊભેલાં ટોળાંમાંના પણ કેટલાક રડતા હતા. ગેટના સળિયાને ચોંટીને – વળગીને, સળિયાને હાથમાં પકડીને ઊભેલા લોકો અંદરના અવાજને પામવાની કોશિશ એવી રીતે કરતા હતા, જાણે વહી જતું પાણી પીવા માટે તરસ્યો માણસ જીભ લપકાવતો હોય.

લગભગ સ્થિર ઊભેલા એ ટોળામાં અચાનક ચહલપહલ થઈ ગઈ. ગેટ પાસે ઊભેલાં આ ટોળાં વીખરાવા લાગ્યાં. એક કાળા રંગની એસ્ટિન માર્ટિન કાર હૉર્ન વગાડ્યા વગર ટોળાંને

વિખેરતી આગળ વધી. કારના કાચ પર ગ્લાસ કવર હતાં. આગળના વિન્ડસ્ક્રીન પર ડ્રાઇવર જોઈ શકે એટલો જ ભાગ ખુલ્લો હતો. ડ્રાઇવર સીટની બાજુમાં પણ કવર ચોંટાડેલું હતું. સ્થિર પાણીમાં હોડી પસાર થઈ જાય એમ બે તરફ વહેંચાઈ ગયેલાં વિરાટ ટોળાંની વચ્ચેથી એસ્ટિન માર્ટિન પસાર થઈ ગઈ. ગાડી પસાર થઈ ગયા પછી ટોળાંમાંથી કેટલાક લોકો ધૂળ માથે ચડાવવા લાગ્યા. કેટલાકે આંખોમાં આંસુ સાથે હાથ જોડ્યા, કોઈએ ફૂલમાળા તો કોઈએ છુટ્ટાં ફૂલ ફેંક્યાં. ગાડીની પાછળ દોડતાં ટોળાંએ તોતિંગ દરવાજા બંધ થતાં જ અટકી જવું પડ્યું. અટકી ગયેલા ટોળામાંથી એક જણે બૂમ પાડી, "નિષ્કલંક મહાપ્રભુ કી…"

"…જય"નો ઘોષ લોખંડના ગેટને વટાવતો જાણે ગાડીનો પીછો કરતો રહ્યો.

લોખંડના તોતિંગ દરવાજા રિમોટ કન્ટ્રોલથી ખૂલ્યા અને ફરી પાછા બંધ થઈ ગયા. લાલ માટીથી બનાવેલા ડ્રાઇવ-વે પર પસાર થતી ગાડી ચાવી દીધેલા રમકડાની જેમ ડોલી રહેલા સાધકોની પાછળથી સરકતી મોઝાઇક ટાઇલ્સના કેડી જેવા રસ્તાને પેરેલલ પસાર થઈને પેલા કિલ્લા જેવા કાળા બંધ મકાન પાસે આવી. ગાડીમાંથી પહેલા ડ્રાઇવર ઊતર્યો. સફેદ યુનિફૉર્મ, કૅપ, ગ્લવ સાથેનો એ ડ્રાઇવર કોઈ કમાન્ડોની જેમ કસાયેલો અને ચહેરાથી ક્રૂર દેખાતો, કાળો, પ્રમાણમાં કદરૂપો કહી શકાય એવો માણસ હતો. તેની આંખો પર વહેલી સવારે પણ કાળા એવિયેટર સનગ્લાસીસ હતા.

તેણે ગાડીનો પાછળનો દરવાજો ખોલ્યો. દરવાજો ખૂલતાં જ જીન્સ અને ટી-શર્ટ પહેરેલો એક યુવાન છોકરો લગભગ બેહોશ હાલતમાં બહારની તરફ ઢળ્યો. આ બેહોશ છોકરો એટલે જેને માટે અહીં પચીસ હજાર લોકો એકઠા થયા હતા ને બહાર લગભગ એટલા જ ગેટની બહાર જેની પ્રતીક્ષા કરી રહ્યા હતા તે નિષ્કલંક મહાપ્રભુ! ગાડીમાંથી તેને પડી જતો અટકાવીને, માંડ-માંડ બહાર કાઢીને, સહારો આપીને લથડતા પગે ચાલતા નિષ્કલંકને લઈને ડ્રાઇવર નાનકડા મકાનના કાચના દરવાજા સુધી પહોંચે એ પહેલાં જ દરવાજા અંદરથી આપોઆપ ખૂલી ગયા.

સ્લાઇડ થઈ ગયેલા દરવાજામાંથી ડ્રાઇવર અને ડ્રાઇવરના ટેકે લથડતા પગે ચાલતો નિષ્કલંક અંદર દાખલ થયા.

હજી કોઈ કંઈ સમજે એ પહેલાં બેહોશ-લથડિયાં ખાતા નિષ્કલંકના ગાલ પર તમાચો વીંઝાયો, તડ્ડાક… મકાનની અંદર ઊભેલા બે છોકરાઓ, બિલ્વ અને પ્રેમ આ જોઈને ડરી ગયા. તમાચો પડવાને કારણે બેહોશ નિષ્કલંક વધુ લથડ્યો, તેને સંભાળવાના પ્રયત્નમાં ડ્રાઇવર પણ ડગમગ્યો. પછી બીજો તમાચો, તડ્ડાક… બેહોશ નિષ્કલંક પાસે પડેલી ખુરશીમાં ફસડાઈ પડ્યો. તેનું શરીર તેના કહ્યામાં નહોતું.

જેણે તમાચો માર્યો હતો તે, એક ગોરો બટકો માણસ હતો.

"બાબા!" ડ્રાઇવરથી બોલાઈ ગયું. લાલચોળ આંખોએ બાબા બેહોશ નિષ્કલંક તરફ જોઈ રહ્યા. પછી નિષ્કલંકના લિસ્સા વાળ પકડીને તેનું માથું ધુણાવ્યું. આખું શરીર હચમચ્યું, પણ નિષ્કલંકની આંખો ઊઘડી નહીં.